# રાજ્યમાં નવા ૫૪૦ કેસ, વધુ ૨૭નાં મોત

## અમદાવાદામાં નવા ૩૧૨ કેસો સપાટીએ આવ્યા : રાજ્યમાં અત્યાર સુધી ૩૧૪૩૦૧ ટેસ્ટ કરવામાં આવ્યા ૩૪૦ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યા : મૃત્યુઆંક ૧૬૧૯

અમદાવાદ,તા.૧૯

છેલ્લા સપ્તાહથી રાજ્યમાં સતત ૫૦૦થી વધુ કોરોના પોઝિટિવના કેસો નોંધાતા જાય છે. રાજ્યમાં આજે ૫૪૦ નવા કેસ સાથે કોરોના સંક્રમિતનો આંકડો ૨૬ હજારને વટાવી ૨૬૧૯૮ થયો છે. જ્યારે વધુ ૨૭ દર્દીઓના મોત સાથે મૃત્યુઆંક પણ ૧૬૦૦ને પાર થઈ ૧૬૧૯ થયો છે. રાજ્યમાં આજે કુલ ૫૫૫૭ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. રાજ્યમાં ૩૪૦ દર્દીઓ સાજા થઈને ઘર ગયા આ સાથે સાજા થનારા દર્દીઓનો આંકડો પણ ૧૮ હજાર વટાવીને ૧૮૧૬૭ થયો છે. ગુજરાતમાં કોરોના વાયારસના પ્રવેશને આજે બરાબર ૩ મહિના પુરા થયા છે. ગત ૧૯મી માર્ચના રોજ રાજ્યના સુરત અને રાજકોટ શહેરમાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો હતો.ય ત્રણ મહિનામાં કોરોના વાયરસો અજગરની જેમ સમગ્ર ગુજરાતને ભરડો લઈ લીધો તેમાં અમદાવાદ શહેર ગુજરાત અને દેશમાં હોટસ્પોટમાં સ્થાન લઈ લીધું. રાજ્યમાં આજે વિક્રમજનક રીતે ૫૪૦ કેસ નોંધાતા ત્રણ મહિનામાં આજે કુલ કેસનો આંકડો ૨૬ હજારને વટાવી ૨૬૧૯૮૯ થયો છે. ત્રણ મહિનામાં મૃત્યુઆંક ૧૬૧૯ થયો છે.

રાજ્યમાં ૨૪ કલાકમાં અમદાવાદમાં, ૨૧, સુરતમાં ૪, મહેસાણા અને સુરેન્દ્રનગરમાં ૧-૧ વ્યક્તિના મોત થયા છે. અમદાવાદમાં સતત ૧૩ દિવસે ૩૦૦થી વધુ કોરોના પોઝિટિવના કેસ આવ્યા છે. જેમાં આજે ૩૧૨ કેસો નોંધાયા છે. જ્યારે ૨૧ના મોત મોત સાથે કુલ મૃત્યુઆંક અમવાદામાં ૧૨૯૬ થયા છે. અમદાવાદમાં એક્ટીવ કેસ ૪૨૫૦ છે. જ્યારે આજે ૨૦૬ દર્દીઓ સાજા થતા ડિસ્ચાર્જનો આંકડો ૧૨૭૫૦ થયો છે. રાજ્યમાં કોરોનાનો કહેર સૂરત પર પણ જોવા મળ્યો છે અહીં ૯૩ નવા કેસો થયા અને ચારના મૃત્યુ સાથે ૨૯૫૪ કુલ કેસ અને મૃત્યુઆંક ૧૧૬ પર પહોંચ્યો છે. જ્યારે વડોદરામાં વધુ ૪૫ કોરોના પોઝિટિવના કેસ આજે નોંધાતા અહીં ૧૭૭૦ કુલ કેસ સાથે અહીં કુલ આંક ૫૪૦ થયો છે. રાજ્યમાં આજે ૨૫ જિલ્લામાં કોરોનાએ કહેર વર્યો છે. જામનગરમાં ૯, ભરુચમાં ૯, પાટણમાં ૮, અરવલ્લીમાં ૭, રાજકોટમાં ૫, કચ્છ, જુનાગઢ અને નર્મદામાં ૪-૪, વલસાડમાં ૩, ભાવનગર, મહીસાગર, આણંદ, પંચમહાલ અને છોટા ઉદેપુરમાં ૧-૧ નોંધાયા હતા.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૮૨૫૮ | ૧૨૯૬ | ૧૨૭૬૭ |
| સુરત | ૨૯૫૪ | ૧૨૨ | ૨૧૩૯ |
| વડોદરા | ૧૭૭૦ | ૪૭ | ૧૧૪૫ |
| રાજકોટ | ૧૭૭ | ૦૫ | ૯૦ |
| ગાંધીનગર | ૫૪૦ | ૨૩ | ૩૨૭ |
| ભાવનગર | ૧૮૦ | ૧૩ | ૧૨૪ |
| કચ્છ | ૧૧૧ | ૦૫ | ૭૫ |
| મહેસાણા | ૨૦૫ | ૧૦ | ૧૨૪ |
| ગીર-સોમનાથ | ૫૩ | ૦૦ | ૪૫ |
| પોરબંદર | ૧૪ | ૦૨ | ૧૦ |
| પંચમહાલ | ૧૩૪ | ૧૫ | ૯૮ |
| પાટણ | ૧૩૭ | ૧૧ | ૯૦ |
| છોટાઉદેપુર | ૪૧ | ૦૧ | ૩૫ |
| જામનગર | ૧૧૦ | ૦૩ | ૬૩ |
| મોરબી | ૦૯ | ૦૧ | ૦૫ |
| સાબરકાંઠા | ૧૪૮ | ૦૭ | ૯૭ |
| આણંદ | ૧૪૨ | ૧૩ | ૧૨૬ |
| દાહોદ | ૫૧ | ૦૦ | ૪૨ |
| ભરૂચ | ૧૨૪ | ૦૬ | ૫૩ |
| બનાસકાંઠા | ૧૬૦ | ૦૮ | ૧૩૫ |
| ખેડા | ૧૧૬ | ૦૫ | ૮૬ |
| બોટાદ | ૭૦ | ૦૨ | ૫૫ |
| નર્મદા | ૩૮ | ૦૦ | ૨૩ |
| અરવલ્લી | ૧૬૪ | ૧૪ | ૧૨૬ |
| મહીસાગર | ૧૨૨ | ૦૨ | ૧૦૭ |
| નવસારી | ૪૫ | ૦૧ | ૩૨ |
| તાપી | ૦૬ | ૦૦ | ૦૫ |
| વલસાડ | ૬૨ | ૦૩ | ૪૩ |
| જૂનાગઢ | ૫૭ | ૦૧ | ૩૨ |
| સુરેન્દ્રનગર | ૮૬ | ૦૪ | ૪૪ |
| દેવભૂમિ દ્વારકા | ૧૮ | ૦૦ | ૧૪ |
| ડાંગ | ૦૪ | ૦૦ | ૦૪ |
| અમરેલી | ૩૬ | ૦૫ | ૧૧ |
| અન્ય રાજ્ય | ૦૮ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૨૬૧૯૮** | **૧૬૧૯** | **૧૮૧૬૭** |

## બનાસકાંઠામાં વધુ પાંચ કોરોના પોજેટિવ કેસ નોંધાયા

### જિલ્લામાં કોરોના સંક્રમિતોનો આંક ૧૬૪

બનાસકાંઠા માં ગ્રામીણ વિસ્તાર બાદ શહેરી વિસ્તારો માં કોરોના વાઈરસ નું સંક્રમણ વધ્યું હોઈ પાલનપુર તેમજ ડીસા માં કોરોના પોજેટિવ કેસો નો રેશિયો સતત વધી રહ્યો છે જે વચ્ચે પાલનપુર બે તેમજ ડીસા માં વધુ ત્રણ કેસ સામે આવતા લોકો માં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે જિલ્લા માં આજે નોંધાયેલ વધુ પાંચ કેસ માં પાલનપુર માં મહિલા નગર સેવિકા ના પુત્ર અને પુત્રી તેમજ ડીસામાં બે આધેડ તેમજ એક યુવક કોરોના માં સપડાતા જિલ્લા માં કોરોના સંક્રમિતોનો કુલ આંક ૧૬૪ એ પહોંચ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાઈરસ વકરી રહ્યો હોય રોજ બેરોજ નવા કેસો સામે આવી રહ્યા છે જોકે કોરોના ને રોકવા ના લાખ પ્રયત્નો વચ્ચે પણ સંક્રમણ બમણીગતિએ ફેલાવા લાગ્યું છે જેમાં અનલોક એક માં કોરોના એ જાણે શહેરી વિસ્તારો માં ધામા નાખ્યા હોય તેમ પાલનપુર અને ડીસા માં કોરોના પોજેટિવ કેસો માં ઉછાળો જોવા મળી રહ્યો છે જે વચ્ચે શુક્રવારે વધુ ચાર કેસ સામે આવ્યા છે જેમાં પાલનપુર ના કંથેરીયા હનુમાન રોડ પર આવેલ વડલીવાળા પરા વિસ્તાર માં રહેતા કોંગ્રેસ ના નગરસેવક આશાબેન રાવલ અને જાણીતા એડવોકેટ ભાવેશભાઈ રાવલ નો પુત્ર અને પુત્રી નો રીપોર્ટ કોરોના પોજેટિવ આવ્યો છે અને ડીસામાં સિંધી કોલોની,નિલકમલ સોસાયટી અને સુંદરમ સોસાયટી માં ત્રણ વ્યક્તિ ના રિપોર્ટ પોઝીટીવ આવતા ડીસા માં કુલ.૪૦ અને પાલનપુર માં ૧૩ કેસ સાથે જિલ્લાનો કુલ આંક ૧૬૩ પર પહોંચી જતા આરોગ્ય તંત્ર માં દોડધામ મચી જવા પામી છે.




**માસ્ક ન પહેરનાર લોકો સામે ધાનેરા પોલીસે લાલ આંખ કરી દંડ વસૂલ્યો**

કોરોનાનું વધતું જતું સંક્રમણ અટકાવવા માટે તંત્ર પણ ખૂબ જ મહેનત કરી રહ્યું છે અને ખૂબ જ કડક બની લોકો ને કોરોના સંક્રમણ માં ના આવે તે માટેની કામગીરી કરે છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લાની ધાનેરા પોલીસ દ્વારા જાહેરમાં માસ્ક ન પહેરનાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરી છે ટ્રાફિક પોલીસમાં ફરજ બજાવતા માયારામ રાઠોડ સહિત તેમની ટીમ દ્વારા ધાનેરાના જાહેર માર્ગો પર ઊભા રહીને જે તે વાહન ચાલકો અથવા જે તે રાહદારીઓ માસ્ક વગર નજરે ચડયા હતા તમામ લોકોની સામે દંડનીય કાર્યવાહી કરી છે જે લોકોને માસ્ક ન પહેરવા હોય તેવા લોકો સામે ૨૦૦ રૂપિયાનો દંડ વસુલયો છે અને જે લોકો પાસે માસ્ક હોવા છતાં માસ્ક મોઢેથી નીચું કરીને ફરતા હતા તેવા લોકોને સમજાવી માસ્ક મોઢે બંધાવ્યું હતું હર હંમેશ લોકોની ચિંતા કરતી પોલીસ લોકોના ચુસ્ત પાલન કરવા માટે સમજાવી રહી છે તેમ છતાં પણ લોકો ન સમજતા આખરે પોલીસને દંડનીય પગલાં ભરવા પડી રહ્યા છે ત્યારે પોલીસની આ કામગીરીથી લોકોમાં પણ ખુશી જોવા મળી રહી છે અને લોકો સ્વેચ્છાએ માસ્ક પહેરે તેવી પોલીસની સાથે સાથે લોકો પણ માંગ કરી રહ્યા છે.



બનાસકાંઠા જિલ્લાના પોલીસ વડા તરૂણ દુગ્ગલે કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી પોલીસ સ્ટેશનમાં મુલાકાત લીધી હતી. પત્રકાર એકતા સંગઠન પ્રદેશ મંત્રી હેમુભા વાઘેલા અને વેપારી મંડળના મંત્રી અજુભા ડાભીએ જિલ્લા પોલીસ વડા સાથે શુભેચ્છા મુલાકાત લીધી હતી. કાંકરેજ તાલુકાના થરા અને શિહોરી પોલીસ સ્ટેશનની સુંદર કામગીરી બદલ આભાર વ્યકત કર્યો હતો. જોકે નવા પીએસઆઈ તરીકે એસ.વી. આહીર આવતાં ગુનાખોરી દારૂ જુગાર પર ખુબજ સારી રીતે અંકુશ આવ્યો છે.

## પાલનપુરના જનતાનગર માં ચાલુ વાહને બ્રેક મારવા મામલે ફાયરીંગ કરાયું

પાલનપુરના જનતાનગર વિસ્તારમાં બુધવાર ની સાંજે પસાર થઈ રહેલ એક ઈક્કો ગાડીના ચાલકે અચાનક બ્રેક મારતા પાછળ ગાડી લઈને આવી રહેલ યુવકે ઈક્કોના ચાલક સાથે તકરાર કરી હતી અને ઉશ્કેરાયેલા યુવકે તેના મિત્રને બોલાવીને રિવોલ્વર વડે ઈક્કોના ચાલક ઉપર ફાયરિંગ કરવામાં આવ્યું હતું જેમાં ઈક્કો ચાલકે યુવકનો હાથ પકડી લેતા હવામાં ફાયરિંગ થયું હતું બનાવ ના પગલે લોકોમાં દોડધામ મચી હતી અને પોલીસ દોડી આવી ફાયરિંગ કરનાર યુવકને ઝડપી લઈ તેની સામે કાર્યવાહી હાથ ધરી હતું.

## પ્રાંતિજ ખાતે કોગ્રેસ કાર્યકરો દ્વારા રાહુલ ગાંધીના જન્મ દિવસને લઈને સિવિલ ખાતે ફ્રુટ વિતરણ

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કોંગ્રેસ કાર્યકરો દ્વારા પૂર્વ અધ્યક્ષ રાહુલગાંધીના જન્મ



દિવસને લઈને પ્રાંતિજ સિવિલ ખાતે દર્દીઓને ફ્રુટ વિવરણ કરવામાં આવ્યું હતુ. પ્રાંતિજ ખાતે કોંગ્રેસ કાર્યકરો દ્વારા એકઠાં થઈને આજે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીના જન્મ દિવસને લઈને પ્રાંતિજ સિવિલ ખાતે સિવિલમાં સારવાર લઈ રહેલ દર્દીઓને ફ્રુટ તથા પારલેજી આપી પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીના જન્મ દિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. સિવિલ ખાતે એકઠા થઈને કોંગ્રેસ કાર્યકરો દ્વારા સૌ પ્રથમ તો શહિદ થયેલ શહિદ જવાનોને માટે મૌન પાડી શ્રધ્ધાંજલી અર્પી હતી. સિવિલમાં કોરોના વોરીયર્સ તરીકે ફરજ બજાવી રહેલ તમામ ડોકટરોની તથા સ્ટાફની કામગીરીને પણ બિરદાવવી હતી.

આ પ્રસંગે પ્રાંતિજ-તલોદના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, તાલુકા પંચાયતના પ્રમુખ બેચરસિંહ રાઠોડ, જિલ્લા સદસ્ય રામસિંહ પરમાર, જિલ્લા સદસ્ય મિલ્કતસિંહ રાઠોડ, કારોબારી અધ્યક્ષ કૌશિકભાઈ પટેલ, સંજયભાઈ પટેલ, હાર્દિકભાઈ પટેલ, નિરૂબેન પટેલ, રાણાભાઈ વકીલ, અલ્તાફભાઈ ગોરી સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

## મોડાસાની સર્વોદયનગરમાં યુવતીની માનસિક સ્થિતિ કથળતા માતાએ ૧૮૧ અભયમ મહિલાની મદદ લીધી

મોડાસા, તા. ૧૯

મોડાસા શહેરના સર્વોદયનગર વિસ્તારમાં રહેતી વિધવા માની ૧૯ વર્ષિય યુવતીની માનસિક સ્થિતિ કથળી જતા સમગ્ર વિસ્તારમાં લોકોને હેરાન પરેશાન કરી મુકતા વિધવા મહિલાએ પોતાની પુત્રીને સારવાર મળી રહે અને લોકોની પજવણી પણ બંધ થાય તે માટે ૧૮૧ અભયમ હેલ્પલાઈનન મદદ લેતા અરવલ્લી ૧૮૧ અભયમની ટીમના મહિલા કાઉન્સિલર શિલ્પા ગામેતી, કોન્સ્ટેબલ ઈલાબેન અને પાયલોટ જીતેન્દ્રભાઈ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી વિધવા માતાની મદદ કરવાની સાથે માનસિક અસ્થિર યુવતીને સારવાર અર્થે સખી વન સ્ટોપ ખસેડી હતી.

મોડાસા ડુંગરી સર્વોદયનગર વિસ્તારમાં રહેતી ૧૯ વર્ષની યુવતીની ૨ માસથી માનસિક સ્થિતિ બગડી જતા વિસ્તારના લોકો માટે પરેશાની ઉભી થઇ હતી. આજુબાજુમાં રહેતા લોકોને નુકસાન કરેલ તેમજ વ્હિકલની તોડફોડ કરી લોકોને ત્રાહિમામ કરી હેરાન પરેશાન કર્યા હતા. યુવતીના માતા વિધવા હોયે ઘરના કચરા પોતા કરી ઘરનું ગુજરાન ચલાવે છે. આર્થિક પરિસ્થિતિ સારી ના હોવાથી સારવાર માટે જઈ શકે તેવી હાલત નથી. આથી યુવતીના માતાએ ૧૮૧ હેલ્પલાઈનનો ઉપયોગ કરેલ. દીકરીની યોગ્ય સારવાર માટે મદદ મેળવેલ. યુવતીનું યોગ્ય ઘડતર થાય તે અર્થે સખી વન સ્ટોપ સેન્ટરમાં મુકવાનો નિર્ણય કરેલ. યુવતીની માતાની મંજૂરીથી પોલીસ સ્ટેશનનું મંજૂરી પત્ર લઈને યુવતીને વન સ્ટોપ સેન્ટરમાં મૂકી ૧૮૧ અભયમ ટીમે પોતાની ફરજ પુરી કરી હતી.

## ઉત્તર અને મધ્ય ગુજરાતની આઠ નદીઓમાં નર્મદાના નીર છોડાયા : નીતિનભાઈ પટેલ

### ઉત્તર અને મધ્ય ગુજરાતના લાખ્ખો ખેડૂતોને સિચાઈનો અને પશુપાલકો માટે પશુઓને પીવાનું પાણી ઉપલબ્ધ થશે

ગાંધીનગર, તા. ૧૯

નાયબ મુખ્યમંત્રી અને નર્મદા મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજનામાં મધ્યપ્રદેશમાં હાઈડ્રો પાવર પ્રોજેકટ ચાલુ હોઈ મધ્યપ્રદેશમાંથી પાણી છોડવાના કારણે મોટા પ્રમાણમાં પાણીની આવક થઈ રહી છે. આ આવકને પરિણામે ખેડૂતો અને પશુપાલકોને પાણી પૂરૂ પાડવા માટે રાજય સરકાર દ્વારા નર્મદા મુખ્ય કેનાલ દ્વારા પાણી છોડવામાં આવી રહ્યુ છે. આજે ઉત્તર અને મધ્ય ગુજરાતની દસ પૈકી આઠ નદીઓમા નર્મદાના નીર છોડવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. જેના પરિણામે આ વિસ્તારના લાખ્ખો ખેડૂતોને સિચાઈની સુવિધા અને પશુપાલકોને પશુઓ માટે પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ થશે.

પટેલે ઉમેર્યું કે નર્મદા યોજનાની મુખ્ય નહેરમાંથી હયાત એસ્કેપ સ્ટ્રકચરનું સંચાલન કરી હેરણ, દેવ, કરાડ, કુન, વાત્રક, મેશ્વો, સાબરમતી, રૂપેણ, પુષ્પાવતી તથા બનાસ મળી કુલ-૧૦ નદીઓમાં નર્મદાના પાણી છોડવાની વ્યવસ્થા કરવામાં આવી છે અને તે માટે નર્મદા મુખ્ય નહેરમાં પાણીનું વહેણ ૧૧૦૦૦ થી વધારીને ૧૩૦૦૦ ક્યુસેક કરવામાં આવ્યું છે. હાલ આ નદીઓ પૈકીની હેરણ, દેવ, કરાડ, કુન, વાત્રક, સાબરમતી, રૂપેણ અને બનાસ મળી કુલ ૮ નદીઓમાં ૧૮૦૬ ક્યુસેક પાણી છોડવાનું શરૂ કરી દેવાયુ છે જયારે મેશ્વો અને પુષ્પાવતી નદીમાં ટૂક સમયમાં પાણી છોડવામાં આવશે. જેના પરિણામે ખાસ જરૂરિયાતના સમયેના નદીઓમાં નર્મદાનું પાણી ઉપલબ્ધ થવાથી આ વિસ્તારના ખેડૂતોને અને પશુપાલકોને લાભ થશે સાથે સાથે ભૂગર્ભ જળ રીચાર્જ થશે અને કેનાલ હેડ પાવર હાઉસમાંથી આ વધારાનું પાણી પસાર થતા જળ વિદ્યુત ઉત્પાદનમાં પણ વધારો થશે.

તેમણે ઉમેર્યુ કે આજે નર્મદા ડેમમાં પાણીની સપાટી ૧૨૬.૭૭ મીટરે છે અને ડેમમાં પાણીનો જીવંત જથ્થો ૨૪૮૧.૬૦ મી.ઘન મીટર હોઈ આ પાણી છોડવાનો નિર્ણય કરાયો છે, હાલમાં જળાશયમાં પાણીના ઉપલબ્ધ જથ્થાને લક્ષમાં લઈ આ નદીઓમાં પાણી છોડવામાં આવી રહ્યુ છે. જેથી સુકી નદીઓ રીચાર્જ થશે અને નદીની આજુબાજુનાં વિસ્તારનાં કુવાઓ રીચાર્જ થશે તેથી આજુબાજુના ગામોમાં ઘરવપરાશ તેમજ પશુઓ-ઢોર-ઢાંખર માટે પાણી ઉપલબ્ધ થશે. નર્મદા નદીમાં સરદાર સરોવરના હેઠવાસમાં પાવરહાઉસનું પાણી છોડીને લોકોને રાહત પહોંચાડવામાં આવી રહી છે જેનાથી દરિયાની ખારાશનો ફેલાવો નિયંત્રિત કરવામાં પણ મદદ મળશે.

## ધારાસભ્ય પભુભા માણેક સામે આહિર સમાજમાં રોષ

દ્વારકાના વિવાદાસ્પદ ધારાસભ્ય પબુભા માણેકનો કથાકાર મોરારીબાપુ પર હુમલાના પ્રયાસ બાદ તેના ઘેરા પ્રત્યાઘાત પડયા છે. ઘટનાને પગલે જામનગરમાં આહિર સમાજની તાકિદની બેઠક બોલાવાઈ હતી. જેના બાદ નિર્ણય લેવાયો કે, આહિર સમાજ દ્વારા આવતીકાલે દ્વારકામા પબુભા વિરુદ્ધ ફરિયાદ નોંધાવાશે. જામનગર-દ્વારકા આહિર સમાજે ઘટનાને સખત શબ્દોમાં વખોડી છે. સમગ્ર ઘટનાને લઈને હાલારનો આહિર સમાજ લાલઘુમ બન્યો છે. ૧૫ દિવસમા મોરારીબાપુ અને આહિર સમાજની માફી માંગવા આહિર સમાજે માંગ કરી છે. આવતીકાલે આહિર સમાજ દ્વારા પબુભા વિરુદ્ધ આવેદનપત્ર આપશે. તેમજ પબુભા વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી કરવાની પ્રક્રિયા હાથ ધરાશે. સમગ્ર આહિર સમાજમાં ભારે આક્રોશ અને આહિર સમાજ લાલઘુમ જોવા મળ્યો. હાલારના આહિર સમાજની તાકિદની બેઠકમાં આ નિર્ણય લેવાયો છે. અમરેલીમાં પણ કથાકાર મોરારીબાપુ ઉપર પબુભા દ્વારા દ્વારકામા હુમલા કરવાનો પ્રયાસના ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. જાફરાબાદ તાલુકા ભાજપ મહામંત્રી તુષાર ત્રિવેદીએ હોદ્દા પરથી રાજીનામુ આપ્યું છે. ભાજપના પૂર્વ ધારાસભ્ય પબુભા મામલે જાફરાબાદ મામલતદારને આવેદનપત્ર અપાયું છે. 'સાધુનું અપમાન હું સહન નહિ કરી શકુ. હોદ્દા પરથી રાજીનામુ આપું છું. હવે હુ આ બોજ ઉપાડી શકીશ નહિ....' તેમ કહી જિલ્લા ભાજપ પ્રમુખને રાજીનામુ આપ્યું છે. પબુભાના ભાજપના સંસ્કાર નથી તેથી તાકીદે પગલા લેવા જોઈએ. કથાકાર મોરારીબાપુની ગઈ કાલની ઘટનાને લઈને સમગ્ર રાજુલા, જાફરાબાદ મહુવા વિસ્તારના લોકો ચિંતિત છે તેવું તેઓએ જણાવ્યું. જામનગરમાં મોરારીબાપુ પર હુમલાના પ્રયાસની ઘટનાના મામલે જામનગર સાધુ સમાજ દ્વારા પબુભા વિરુદ્ધ આવેદનપત્ર આપવામાં આવ્યું. સાધુ સમાજના આગેવાનો દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપ્યું હતું.

### બસોમાં હજુ ટ્રાફિક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રૂપિયાની આવક થતી હતી. બે મહીનાના લોકડાઉન બાદ પણ એસ ટી ડેપોની ગાડી હજુ પટરી પર ચઢી નથી અલબત્ત અગાઉની જેમ એસ ટી ડેપોમાં હજુ ટ્રાફિક જોવા મળતો નથી કોરોની કહેરની અસર વચ્ચે આમ નાગરિકો કામ સિવાય ટ્રાવેલીંગ કરવાનુ ટાળી રહ્યા છે. જયારે વેકેશનની સિઝન પણ આખી ખાલી ગઈ છે. જયારે લગ્ન વર્ધિ કે અન્ય પ્રસંગો કે સરકારી કાર્યક્રમમાં પણ બસો દોડાવાનો પ્રશ્ન ઉભો થતો નથી જેથી એસ ટી ની આવકમાં ઘરખમ ઘટાડો થયો છે.

### લશ્કરી હિલચાલ... ● પહેલા પાનાનું ચાલુ

સ્થિતિનું નીરિક્ષણ કર્યું હતુ. આ બેઠકનાં કેટલાક દિવસ બાદ ભદૌરિયા આ પ્રવાસ પર આવ્યા છે. સૂત્રોનાં જણાવ્યા પ્રમાણે એરફોર્સ ચીફ બે દિવસનાં પ્રવાસે આવ્યા હતા અને ઑપરેશનલ નીરિક્ષણ કર્યું. ઉલ્લેખનીય છે કે ચીન લદ્દાખ સરહદ પર ઉશ્કેરણી કરી રહ્યું છે અને તેણે અહીં ૧૦ હજાર સૈનિકોને ગોઠવ્યા છે. પોતાના પ્રવાસનાં પહેલા તબક્કામાં એરચીફ ૧૭ જૂનનાં લેહ પહોંચ્યા હતા જ્યાંથી તેઓ શ્રીનગર એરબેઝ ૧૮ જૂનનાં ગયા. આ બંને એરબેઝ પૂર્વ લદ્દાખ વિસ્તારની નજીક છે અને કોઈપણ યુદ્ધ વિમાન માટે અહીં ઉડાન ભરવી સરળ છે અને અહીંથી ચીન પર ભારત ભારે પડી શકે છે.

### સુરક્ષિત ન હોવાનો... ● પહેલા પાનાનું ચાલુ

વિશે ચેતવણી આપી હતી. અગાઉ તાઈવાને પણ સરકારી એજન્સીઓને ઝૂમ એપ્લિકેશનનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂકયો હતો. જર્મની અને અમેરિકાએ પણ એવું જ કર્યું છે. એપ્લિકેશન્સ દ્વારા સાયબર એટેકના સંદર્ભમાં, ચાઇના નેશનલ સિક્યુરિટી અધિકારીઓએ કહ્યુ હતું કે, તેઓ ચાઇનીઝ ડેવલપર્સ દ્વારા વિકસિત એપ્લિકેશન્સ છે અથવા ચીની લિંક્સ સાથે, ભલે તે એન્ડ્રોઈડ અથવા આઈઓએસ માટે હોય, તેઓ સ્પાયવેર અથવા અન્ય હાનિકારક માલવેર દ્વારા ઉપયોગમાં લેવાતી હોઈ શકે છે. ભારતીય ગુપ્તચર એજન્સીઓએ શંકા વ્યક્ત કરી છે કે ચીન ભારત પર સાયબર હુમલો કરી શકે છે. આ સિવાય, તે દેશની બેંકિંગ સિસ્ટમ અને ચુકવણી સેવાને લક્ષ્ય પણ બનાવી શકે છે. ગુપ્તચર એજન્સીને આશંકા છે કે ચીન બેંકિંગ સિસ્ટમ્સ અને એટીએમ સેવાઓને નુકશાન કરવાનો પ્રયાસ કરી શકે છે. પશ્ચિમી દેશોની સુરક્ષા એજન્સીઓએ ચીન સાથે સંકળાયેલા હાર્ડવેર અને સોફ્ટવેર વિશે સમાન ચિંતા વ્યક્ત કરી છે.

### ટેસ્ટની કિંમત... ● પહેલા પાનાનું ચાલુ

મહેતાએ વિનંતી કરી કે આ કામ રાજ્યોને પોતાના હિસાબ કરવા દેવામાં આવે. કોરોના ટેસ્ટના દર નક્કી કરવાનું કામ રાજ્યો પર છોડવું જ સારું રહેશે. જોકે, સુપ્રીમ કોર્ટની બેન્ચ તુષાર મહેતાની આ વિનંતી ફગાવી દીધી અને કહ્યું તમે ઉચ્ચત્તમ દર નક્કી કરો અને બાકી કામ રાજ્ય કરી લેશે. અહીંયા નોંધવું રહ્યું કે કોરોના બીમારીના વધી રહેલા કેસોની વચ્ચે વિવિધ રાજ્યોએ પોતાને ત્યાં કોરોના ટેસ્ટની કિંમતોમાં કાપ કર્યો છે. તાજેતરમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલયે દિલ્હીમાં કોરોના વાયરસની તપાસ માટે નિર્ધારીત દરોમાં ઘટાડો કરીને ૨૪૦૦ રુપિયા કરી દીધો છે. પહેલા ટેસ્ટ માટે ૪૫૦૦ રુપિયા આપવા પડતા હતા.

### દેશમાં કોરોના... ● પહેલા પાનાનું ચાલુ

૫ દિવસમાં ૪૨ હજાર ૮૫૬ લોકો સાજા થયા છે. ગુરુવારે સૌથી વધારે ૧૩ હજાર ૮૨૬ કેસ મળ્યા હતા. સાથે જ છેલ્લા ૨૪ કલાકમાં ૩૪૨ લોકોના મોત થયા હતા. દિલ્હીમાં સતત બીજા દિવસે રેકોર્ડ ૨૮૭૭ સંક્રમિત મળ્યા હતા. અહીંયા ૫૦ હજારની આસપાસ દર્દીઓની સંખ્યા થઈ ગઈ છે. તો બીજી બાજુ મહારાષ્ટ્રમાં ૨૪ કલાકમાં સૌથી વધારે ૩૭૫૨ નવા કેસ સામે આવ્યા છે. ત્યારબાદ રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧ લાખ ૨૦ હજાર ૫૦૪ થઈ ગઈ છે. મહારાષ્ટ્રમાં ગુરુવારે ૩૭૫૨ નવા દર્દી મળ્યા અને ૧૦૦ લોકોના મોત થયા હતા. મુંબઈમાં ૧૨૯૮ કેસ વધ્યા હતા. અહીંયા કુલ ૬૨ હજાર ૭૯૯ કેસ થયા છે. પોલીસના ૨૮ જવાનોમાં સંક્રમણની પુષ્ટી થઈ અને ૩ લોકોના મોત થયા છે. રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧ લાખ ૨૦ હજાર ૫૦૪ છે, જેમાંથી ૫૩ હજાર ૯૦૨ એક્ટિવ કેસ છે. કોરોનાથી અત્યાર સુધી ૫૭૫૧ મોત થયા હતા. ઉત્તરપ્રદેશમાં ગુરુવારે કોરોનાના ૬૦૪ દર્દી વધ્યા અને ૨૩ લોકોના મોત થયા હતા. કાનપુરમાં ૫૪, ગૌતમબુદ્ધનગરમાં ૫૦, બુલંદશહરમાં ૪૮ અને ગાઝિયાબાદમાં ૩૮ કેસ મળ્યા હતા. રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧૫ હજાર ૭૮૫ થઈ ગઈ છે, જેમાંથી ૫૬૫૯ એક્ટિવ કેસ છે. કોરોનાથી અત્યાર સુધી ૪૮૮લોકોના મોત થયા છે.

જ્યારે, મધ્યપ્રદેશમાં ગુરુવારે ૧૮૨ સંક્રમિત મળ્યા અને ૪ લોકોના મોત થયા છે. ઈન્દોરમાં ૫૭, ભોપાલમાં ૫૦ અને સાગરમાં ૬ કેસ વધ્યા છે. રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧૧ હજાર ૪૨૬ થઈ ગઈ છે. જેમાંથી ૨૩૦૮ એક્ટિવ કેસ છે. કોરોનાથી અત્યાર સુધી ૪૮૬ લોકોના મોત થયા છે. તો બીજી તરફ સરકારે પાંચમાં ધોરણ સુધીના બાળકો માટે ઓનલાઈન સ્ટડી પર પ્રતિબંધ લગાવ્યો છે. રાજસ્થાનમાં ગુરુવારે ૩૧૫ નવા કેસ સામે આવ્યા અને ૧૭ લોકોના મોત થયા હતા. ભરતપુરમાં ૯૨, જયપુરમાં ૪૬, પાલીમાં ૩૩, જોધપુરમાં ૨૯ કેસ મળ્યા હતા. રાજ્યમાં સંક્રમિતોનો આંકડો ૧૩ હજાર ૮૫૭ પહોંચી ગયો છે, જેમાંથી ૨૭૮૫ એક્ટિવ કેસ છે. કોરોનાથી અત્યાર સુધી ૩૩૦ લોકોના મોત થયા હતા.

બિહારમાં ગુરુવારે ૧૦૦ નવા સંક્રમિત મળ્યા અને ૫ લોકોએ જીવ ગુમાવ્યા હતા. દરભંગામાં ૨૧, રોહતાસમાં ૧૯ અને પટનામાં ૧૪ કેસ વધ્યા છે. આ સાથે જ રાજ્યમાં દર્દીઓની સંખ્યા ૭૦૪૦ થઈ ગઈ, જેમાંથી ૨૦૩૫ એક્ટિવ કેસ છે. સાથે જ અત્યાર સુધી ૪૪ દર્દીઓના મોત થયા છે.